

બનાવનાર

શોરાબજી હોરમજજી ચોકન છાપનાર

મુંબઈ મધે.

ધી રાઈઝીંગ સ્ટાર પ્રીંટીંગ પ્રેસ

માહારાણી વીકતોરીઆની વેલાતમાં

3060 થએલી

જુબીલીનો ગરબો

માં માહારાણી વીકતોરીઆની દબદબા ભરેલી શવારી, દેવ-
લમાં બંદગી, શેહેરમાં થએલી રોશણી, બાળકોની
જીઆફત, હીંદી રાજવંશીઓને આપેલા ખેતાબ
તથા માહારાણીને અપાએલી જુબીલીની
ભેટ તથા શોગાદ વગેરેના જુદા
જુદા ૭) રાગમાં જોરેલો ગરબો

બનાવનાર,

શોરાબજી હોરમજજી ચોકન છાપનાર.

મું—ખેતવારી અગીઆરી મોહોલો ઘેર ના૦ ૨૦

મુંબઈ મધે.

ધી રાઇઝીંગ સ્ટાર પ્રીંટીંગ પ્રેસ

ઈ૦ સ૦ ૧૮૮૭.

કીમત ચાર આના રૂ૦ા

માહારાણી વીકતોરીઆની વેલાતમાં
થએલી જુબીલીનો ગરબો.

વાંચનારો ભાઇઓ એ ગરબાની રાહ-શકી પર
વે તે આવો પેહેલીગે—ગ લઇને આવુ ટેક પેહેલી

ઘણી વેલાતમાં—ધામધુમ થાએરે ✲ બે મહીના અગા
ઉથી—કેહેવાએરે ✲ (☞) પારલા મેનટમાં સભા ભહરાએ—
જુબીલી વેલાતમાં ગહના થાએરે ✲ તાંહાં ઠેરાવ—પકો કેહે
વાએરે ✲ ઇશવી શને ૧૮)સો ને ૮૭—લખાએરે ✲ (☞) જુન
મહીનાની અજવાશમાં ગણાએ—જુબીલી વેલાતમાં ગહની
થાએરે ✲ દેશો દેશ ગામે—કાગજ લખાએરે ✲ મોહોતા પર-
ધાનથી શલાહા—અપાએરે ✲ (☞) કાગજ હીંદુશતાનમાં
મોકલાએ—જુબીલી વેલાતમાં ગહના થાએરે ✲ હુંઇથી કાગ
જ—કલકતામાં જાએરે ✲ તાંહાંતો વાઇશરાએથી—વનચાએરે
✲ (☞) કાગજ વાંચીને ખુશી ગહેનો થાએ—જુબીલી વે
લાતમાં ગહની થાએરે ✲ તાહરે વાઇશરાએથી—કાગજ લખા
એરે ✲ રાજ રજવારામાં—કેહેવાએરે ✲ (☞) હીંદુ રાજાઓ
ને કેહેવરાવે—જુબીલી વેલાતમાં ઘણી થાએરે ✲ તમે વેલાતમાં
રાજાઓ—જાવેરે ✲ માહા રાણીને માન—તહમે આપોરે ✲
(☞) જેહને જે ગમે તે રાજાઓ જાવો—જુબીલી વેલાતમાં
ગહની થાએરે ✲ હેવી રીતે રાજાઓને—કેહેવરાવેરે ✲ રાજા

વાત શાહમજી ખુશી—કઇ થાએરે ✻ (☞) વેલાત જાવા ત
ઇઆરી કરાએ—જુબીલી વેલાતમાં ગહની થાએરે ✻ હીંદુ
રાજાઓ હુશીઆર—ગહના થાએરે ✻ શાથી શંગતના—મતો
લેવાએરે ✻ (☞) શઉને વેલાત જવાને કેહેવાએ—જુબીલી
વેલાતમાં ગહની થાએરે ✻ કોઇ રાજાથી ના—ના કેહેવાએરે ✻
કોઇથી તો હાહા કરીને—કેહેવાએરે ✻ (☞) ઘોરા રેશાલા શાથે
જવાએ—જુબીલી વેલાતમાં ગહના થાએરે ✻ હેવી રીતે હીંદુ
રાજાઓ—જાએરે ✻ કોઇથી મનમે તે—ગહના બોહીવાએરે ✻
(☞) રાજ મુકી લાંબે કોણ જાએ—જુબીલા વેલાતમાં ગહની
થાએરે ✻ આગબોત મેલના બેશી—રાજા જાએરે ✻ પચોશ તાંશ
માણસ—શાથે કેહેવાએરે ✻ (☞) કોઇથા ભાહારે ઈશતીમ
ર લેવાએ—જુબીલી વેલાતમાં ગહનો થાએરે ✻ એવી રીતે
રાજા—કોઇ કોઇ જાએરે ✻ ભાહારે વારો બંગલા—ગેહેરો લેવા
એરે ✻ (☞) તેને મોહોરે માગોઆ ભાહારા અપાએ—જુ
બીલી વેલાતમાં ગહના થાએરે ✻ તાંહાં ગોની પાંઉદનો હી
શાબ—ચાલેરે ✻ કોઇને પાંચશો શાતશો—ગીના પરેરે ✻
(☞) હેવી રીતે રાજાઓ ભારા ભરે—જુબીલી વેલાતમાં ગ
હની થાએરે ✻ હીંદુ રાજાઓ વેલાતમો—જાએરે ✻ માહા
રાજા તે—હોલકર કેહેવાએરે ✻ (☞) બીજા કચના માહ
રાવ શાહેબ બોલાએ—જુબીલા વેલાતમાં ગહની થાએરે ✻
લીમરી મોરવીના—ઠાકોરો કેહેવાએરે ✻ ભહરતપુર જોડપુર—
રાજા બોલાએરે ✻ (☞) બીજા દીપીયુતેશન ગહના જાએ—
જુબીલી વેલાતમાં ઘાણાં થાએરે ✻ કોઇ તો હેદરાબાદ નીજા
મના—કેહેવાએરે ✻ હેવા રાજવંશી લોકો—શઉ જાએરે ✻

(☞) આસરે પાંચ સાત જાણુઓ કેહેવાએ—જુબીલી વેલાતમાં
ગહની થાએરે ❋ વેલાત જઇને રાજાઓ—ખુશી થાએરે ❋ તાંહાં
તમાશગીર લોકની—ભીર કેહેવાએરે ❋ (☞) ગહની ઇરોપી
અન લેડીઓ બોલાએ—જુબીલી વેલાતમાં ગહની થાએરે ❋
રાજા લોકની ફરે વેલાતમાં—ગારીરે ❋ રશતે મોહોલે રઇએ
તનો ભીર ભાહારીરે ❋(☞) લોકે હુરીએ હુરીએના પોકાર
મારી—જુબીલી વેલાતમાં ગહણી થાએરે ❋ રાજા હીંદુ લોક
ગામમો—ફરેરે ❋ જોવા સોલજર સોલજરદીઓ—મલેરે ❋
(☞) આખે રશતે પોકાર હુરીઓ કરે—જુબીલી વેલાતમાં
ગહની થાએરે ❋ હેવી રીતે રાજાને—માન મલેરે ❋ રાજવંશી
શલામ—શઉને કરેરે ❋ (☞) માહરાણીનું દીલ ખુશ કરે—
જુબીલી વેલાતમાં ગહની થાએરે ❋ હવે વેલાતમાં થાએ છે—તઇ
આરીરે ❋ લોકે મોહોલાને દુકાણ—શનગારોરે ❋ (☞)રચ
ણા કીધી વેલાતમાં ભારી—જુબીલી વેલાતમાં ગહની થાએરે❋
વેલાત શેહેરમાં જુબીલી—કેહેવાએરે ❋ તારીખ ૨૧)મી—
જુન લખાએરે ❋ (☞) શને ૧૮) શો શાતીઆશી બોલાએ
—જુબીલી વેલાતમાં ઘણી થાએરે ❋ કેહેવી રીતની તઇયારી
લોકો કરે ❋ જે જે રશતેથી શવારી—ફરેરે ❋ (☞) તેવા
રશતાનો શનગાર કરે—જુબીલી વેલાતમાં ગહની થાએરે ❋
પીકા દીલીનો રશતો—કેહેવાએરે ❋ બીજો વોકતોરીઆ મોહો
લો—બોલાએરે ❋ (☞) તાંહાં આરકાને વાવતા તંગાએ—
જુબીલી વેલાતમાં ગહની થાએરે ❋ ગહના વાવતા ફુલ તોરણ
—તંગાએરે ❋ લેખ લખેલા શઉને—વનચાએરે ❋ (☞)

શબી ચીતારો જગે જગ દેખાએ—જુબીલી વેલાતમાં ગહની
થાએરે ✻ તારીખ ૨૧)મી જુન—કેહેવાએરે ✻ માહા રાણી
દેવલમાં—જાએરે ✻ (☞) ગહની રઇએતની ભીર તાંહાં
થાએ—જુબીલી વેલાતમાં ગહની થાએરે ✻ શાઉ શાહવારથી
લોક ગહનુ—જાએરે ✻ તન ચાર વાગે—રાતથી કેહેવાએરે ✻
(☞) જગે જગના રશતાઓ ભહરાએ—જુબીલી વેલાતમાં
ગહની થાએરે ✻ કોઇ તો નાશતાં તાફીન—સાથે લાવેરે ✻
ગારી ગોહોરાઓ લોકો—દોરાવેરે ✻ (☞) વાહાનું વાહાએ
તેટલા—લોકો ભહરાએ—જુબીલી વેલાતમાં ગહની થાએરે ✻
લખો માણસની ભીર—ગહની થાએરે ✻ શોહોધી જગો નહી
—કોઇને દેખાએરે ✻ (☞) લોકના આટલા ઓરડા ભાહારે
લેવાએ—જુબીલી વેલાતમાં ગહની થાએરે ✻ કોઇના ઓરડા
ની બારી—લેવાએરે ✻ ભાહારૂં શો બસો ગીની—અપાએરે
✻ (☞) બારણા બારી વતીક નહી મેલાએ—જુબીલી વે
લાતમાં ગહની થાએરે ✻ બારી રીત ભાહારા મોઘા—ભહગએ
રે ✻ બે તન માણસ દોકીઆ—કરી જોએરે ✻ (☞) તોહો
બી લેવાની તુતા તુત થાએ—જુબીલી વેલાતમાં ઘણી થાએરે ✻
તાંહાં જગો નહી શોહોધી—કેહેવાએરે ✻ મોટા રશતાપર માચ
રા—નખાએરે ✻ (☞) પાતીઆ નાખીને ખુરશી મેલાએ—
જુબીલી વેલાતમાં ગહની થાએરે ✻ ખુરશી રીત શો શો
ગીની—ભાહારા અપાએરે ✻ તોબી જગાની તાન—ગહની
થાએરે ✻ (☞) ગહના લોકથી જાહારપર ચહરી બેશાએ
—જુબીલી વેલાતમાં ગહની થાએરે ✻ કોઇ તો શીરી દોરડા

એ—સાથે લાવેરે ✻ તેને પકરીને જાહારપર—ચહરેરે ✻ (☞) શઉ રાણીને જોવા દોડીઆ કરે—જુબીલી વેલાતમાં ગહની થાએરે ✻ એવી રીતે લોકો એકતાં—થાયરે ✻ જાંહાં જાંહાં જગો મલે તાંહાં—ઉભા થાયરે ✻ (☞) ગહની મીઠાઇને મેવા વેચાએ—જુબીલી વેલાતમાં ઘણી થાએરે ✻ શીપાઇ પલતાણની હાર લાંબો—રખાએરે ✻ જગે જગે ચોકી પોહોરા—મુકાએરે ✻ (☞) નહો તોફાણ મશતી લોકથી થાએ—જુબીલી વેલાતમાં ગહની થાએરે ✻ જગે જગે ઇશપીતાલ—મેલાએરે ✻ દોલી બોછાણા—નરમ કેહેવાએરે ✻ (☞) મલમ પતાના દાકતરો રખાએ—જુબીલી વેલાતમાં ગહના થાએરે ✻ લોકો ઉભા ઉભા શઉ-ઘણા થાકેરે ✻ જાહારપરથી એથે—તુતી પરાએરે ✻ (☞) તેણે ઉંચકી ઇશપીતાલમે લઇ જાએ—જુબીલી વેલાતમાં ગહની થાએરે ✻ તેને દવા દારૂ મલમ પતા—થાએરે ✻ નરમ બીછાના—સુવા અપાએરે ✻ (☞) હુશીઆર થાઇ પાછા શઉ લોક જાએ— જુબીલી વેલાતમાં ગહની થાએરે ✻ ગહના લોક જાહારપરથી—એથે પરેરે ✻ તેને મલમ પતા—ડાકતરો કરેરે ✻ (☞) ગહના દોલી લઇ માણસો ફરે—જુબીલી વેલાતમાં ગહની થાએરે ✻

માહારાણીની દેવલમાં જવાની તઇઆરી થઇ તેનો ગરબો.

એ ગરબાની રાહા-શોઆના થાઇએ ડાહાયા

થાઇએ-પર ઘેરે નહી જઇએજી એ ઢબને ગાવુ
ટેક ૨ જી

તારીખ એકવીશમીએ મંગલવાર પરેઓ—રાણી દેવ
લમાં જાએજી ✻ (☞) વેશાત મીર્નાશતર આબીનું દેવલ
—વેલાતમાં વખાણાએ—જુબીલી ગાઇએજી ✻ છ વાગેથી
લોકો ચાલીઊં—દેવલ મોટું ભરાએજી ✻ (☞)નવ હજાર
છેતાલીશ તીકીતો કાહારી—અમીર ઉમરાવને અપાએ—જુબી
લી ગાઇએજી ✻ આખુ દેવલ લોકોથી ભહરાયું—છાપરા શુ
ધી કેહેવાએજી ✻ (☞) ફરતી ગેલેરી તાહાં કઇ બાંધી—
બેઠકની હારો થાએ—જુબીલી ગાઇએજી ✻ લશકરી અમલ
દારો મોહોતા મોહોતા આવે—ચાન ફીત છાતીએ દેખાએજી ✻
(☞) શેહેરે શેહેરના શેરીફો આવે—મેઅરો એકતાં થાએ
—જુબીલી ગાઇએજી ✻ રંગીન જહભા શુંનાના હારડા—
શાંકરી સાથે બંધાએજી ✻ (☞) વરતમાન પતરના રીપો
રતરો આવે—તોલું મોહોતું ગાજે—જુબીલી ગાઇએજી ✻
રાણીનું તખત તાંહાં કઇ મેલીઉ—માંચરો મોટો બાંધીજી ✻
(☞) ઊપર લાલ સકલાત બીછાવી—કશબી જાહાલર નાખી
—જુબીલી ગાઇએજી ✻ મોટા મોટા પાદરીઓ બાહાર ઉભા
રીહીએ—દરવાજા આગલ આવીજી ✻ (☞) મહા રાણીની
વાત ગહની જોએ—કેઆરે આવે સવારી—જુબીલી ગાઇએજી ✻

માહારાણી દેવલમાં બંદગી કરવા જાએચ તેનો ગરબો.

એ ગરબાની રાહ—મલજો મલજો મલજોરે—મારા શીઆમ કાલે મલજો—એ લઇને ગાવું ટેક ૩

જાએછે જાએછે જાએછેરે—રાણી દેવલમાં જાએછે✱જુવો શવારી મોટી કેવી થાએછેરે—રાણી દેવલમાં જાએ છે ✱ રાણીની ગારીની શોહોભા ગહની સારી ✱ સુંના રૂપાના શંગાર નખાએછેરે—રાણી દેવલમાં જાએ છે ✱ મખમલના તકીઆને—અતલેશના ઓછાર ✱ ફરતી કશબો જાહાલરો નખાએછેરે—રાણી દેવલમાં જાએ છે ✱ ગારીની છતરીની—ચારે બાજુએ ✱ શુના રૂપાના તાજો મુકાએ છેરે—રાણી દેવલમાં જાએછે ✱(☞) જાએછે જાએછે જાએછેરે—રાણી દેવલમાં જાએ છે ✱ જુવો શવારી કેહેવી મોહોતી થાએછેરે—રાણી દેવલમાં જાએછે ✱ બીજો કોચ બાકની ઉપર—કશબો ગાલીચો ✱ કશબી તીલીના બુતા દેખાએછેરે—રાણી દેવલમાં જાએ છે ✱ છ ગોહોરા મોહોતાની—ગારી જોતરાએ ✱ તેને કશબી કલગીર ફુમતા ષોશાએછેરે—રાણી દેવલમાં જાએ છે ✱ છ ગોહોરા ઉપર શુનેરી—શાહાજ નખાએ ✱ રેશમી ફીતને ફુમતા ઉદાએછેરે—રાણી દેવલમાં જાએછે ✱ હાકનારા કોચમેનનો—ભહપકો છે ભાહારી ✱ તેને કશબી પોશાગ દેખાએછેરે—રાણી દેવલમાં જાએછે ✱ (☞) જાએછે જાએછે જાએછેરે—રાણી દેલમાં જાએ છે ✱ જુવો શવારી મોહોતી કેવી થાએછેરે—રાણી દેવલમાં જાએ છે ✱ બકીંગહામ મેહેલથી—શવારી નીકરે ✱ રાજ રજવારા સાથે સામેલ થાએછેરે—રાણી દેવલમાં જાએ છે ✱ અગીઆરમી ગારી દેશી—રાજા લોકની થાએછે

તેહેના પોશાગના ભપકા દેખાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ ગરામે હીરા મોતીના હારો—પેહેરેલા ✻ કશબી શીઆલ દુપેતા દખાયછેરે—રાણી દેવલમાં જાએ છે ✻ તેની પાછલ બીજી—૧૫) ગારી ચાલી ✻ તેમાં યુરોપના રાજાઓ કેવાએ છેરે—રાણી દેવલમાં જાએછે ✻ (☞) જાએછે જાએછે જાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ જુવો શવારી મોટી કેવી થાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ દેનમારકનો રાજાને—ગીરીશનો રાજા ✻ ઇરાનનો શાહાજાદો દેખાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ બેલજીઅમનો રાજા ને—રાણીબી આવે ✻ શીઆમનો શાહાજાદો કેહેવાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ બીજી શાંડવીચની આવેલી હવાઈ રાણી ✻ લીલી એવો કાલાની કેહેવાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ હેની પાછલ બીજી, ૧૧)—ગારી આવે ✻ તેમાં વેહેવાઇ વેહેવાન શગા કેહેવાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ તેની પાછલ બીજા—ગોરે શવાવારનો ફોજે ✻ તેતો રાણીના જમાઇ દીકરા કેહવાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ (☞) જાએછે જાએછે જાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ જુવો શવારી મોતી કેહેવી થાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ અગીઆરમી ગારી રાણી—વીકટોરીઆની આવે ✻ આખે રશતે પોકાર હુરીએના થાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ હુરીએના પોકાર લોકો—જોરમાં ગહના મારે ✻ એમ રાણીને માન ગહનું અપાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ રાણીના જમાઇનો ગોહોરો—ચોંકાએ છે ✻ તે મારકવીશ આફ લારન કેહેવાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ પોકારને બુમથી—ઓહોરો ભરકાએ ✻ બેશનાર શવારને ફેંકો

દેવાએ છેરે—રાણી દેવલમાં જાએછે ✻ (☞) જાએછે જાએ
છે જાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ જુવો શવારી મોતી કે
વી થાએછેરે— રાણી દેવલમાં જાએછે ✻ ગહની પોલીશ લશકર
ની—મદદ તેણે જાએ ✻ થોરાવાર શવારી રશતે ખોતી થાએ
છેરે—રાણી દેવલમાં જાએછે ✻ રાણીના જમાઈની—શારવાર
થાએ ✻ શારા ભાએગે ઇજા નહી કઈ થાએછેરે—રાણી દેવલ
માં જાએછે ✻ હેવી હેવી રીતે શવારી—દેવલમાં આવે ✻ શઉ
શઉની જગાએ બેશાએછેરે—રાણી દેવલમાં જાએ છે ✻ દેવલ
નું વાજુ ઘણું—મોટું કેહેવાએ ✻ મધુર ગાએણ ગાઈ માન
અપાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ (☞) જાએછે જાએ
છે જાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ જુવો શવારી મોટી
કેવી થાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ હવે રનશીગરૂ તે કઈ
—જોરમાં ફુકાએ ✻ શઉને રાણીની ખબરો અપાએછેરે—રા
ણી દેવલમાં જાએછે ✻ આખી મોજલશ બધી—ઉથી ઉભી
થાએ ✻ લોકથી રાણીને માણ અપાએછેરે—રાણી દેવલમાં જા
એછે ✻ શુનેરી તખતાપર— રાણીથી બેશાએ ✻ તાહારે બંદગી
શાહરૂ હવે થાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ (☞) જાએ
છે જાએછે જાએછેરે—રાણી દેવલમાં જાએછે ✻ જુવો શવારી
મોહોટી કેવી થાએછેરે—રાણી દેવલમાં જાય છે ✻

દેવલમાં બંદગી થાએચ તેનો ગરબો.

એ ગરબાની રાહ—શુનેકો જારીરે રાજા—એ લઇને ગોપીચંદ રાજાના ગરબાની રાહાપર આવું. ટેક ચોથી.

બનદગી થાએછે—દેવલમાં ✻ વાજાના શાહરોદ—થાએ છે ઘણા ✻ બનદગી ઉપર શાઉ—ધેઆન ધહરેરે ✻ ઈશવર રાણીનું—રખશાન કરેરે ✻ મીજલેશ આખી બધી—શામેલ થાએરે ✻ ઈશવરની ભગતી—શાઉ લોકો ગાએરે ✻ એ કીર્તીઆ—ઘણી મોટી કેહેવાએરે ✻ (☞) બંદગી થાએ છે—દેવલમાં ✻ વાજાના શાહરોદ થાએછે—ઘણા ✻ માહા રાણી વીકતોરીઆ—ઉથા ઊભા થાએરે ✻ પીરોનશ આફ વેલશ—માએ પાસે જાએરે ✻ હાથ પકરી શેકીન—કીશી લેવાએરે ✻ મુબારકબાદી—માએને અપાએરે ✻ હવે કઈ રાણીનો વરો—જમાઈ આવેરે ✻ હાથ ધરી હાથપર—કીશી લેવાએરે ✻ હેવી રીતે રાણીના દીકરા—જમાઈ મલેરે ✻ (☞) બનદગી થાએ છે—દેવલમાં ✻ વાજાના શાહરોદ—થાએછે ઘણા ✻ મોહોતી દીકરીને રાણી—હેતે તેરેરે ✻ ગરે લાગોને કોતી—તેહેને કરેરે ✻ પછી વરો વહુઉને રાણી—તેરેરે ✻ પીરોનશ વેલશની બઈઅર કેહેવાએરે ✻ શાશુને નમી નમનતાઇ—શલામ કરેરે ✻ રાણીના હાથ ચુમી—તાંહાંથી પાછી ફરેરે ✻ (☞) બનદગી થાએછે—દેવલમાં ✻ વાજાના શાહરોદ—થાએછે ગહના ✻ રાણીએ વહુઉ દીકરીનો—ભેટ લીધીરે ✻ આખી મીજલેશને રાણી—શલામ કરેરે ✻ દેવલમાંથી રાણી પાછી—બાહાર પરેરે ✻ બકીંગ હામ મેહેલનો—રશતો કઈ ધહરેરે ✻ તમાશગીર લોકોના પોકાર પ્રા

છા પરેરે ✻ વાજતાંને ગાજતાં—પાછા ઘેરમો જાએરે ✻ મુબાર
રકબાદી રાણીની—ઘેરમાં લેવાએરે ✻ (☞) બનદગી કીધીરે
—દેવલમાં ✻ ખાશ ખુશાલીના—પોકાર થાએ ઘણા ✻

વેલાતમાં રોશનો થઈ તેનો ગરબો.

એ ગરબાની રાહા—જમશેદજીની કીરતી ગહની શારી—એ લયને આવું. ટેક પાંચમી ✻

વેલાતમાં રોશની—કીધી ભાહારી ✻ બધે લંકાના આ
રકા—ગહના મારી ✻ (☞) ગહના વીજલી બતીના દીવા
કરી—જુબીલીની રોશની ગહની શારી ✻ વેલાતમાં લંકા—દી
વા કરી ✻ જગે જગે વીજલી—દીવા ભાહારી ✻ (☞) ઘ
ણા આરકાઓ મોહોલે નાકે મારી—જુબીલીની રોશની ઘણી
સારી ✻ ઉપર વાવતાને તોરણ—ફુલની કાહારી ✻ રશતા મો
હોલાનો શનગાર—ગહનો ભારો ✻ (☞) કઇ પરદાઓ
મેલેઆછે ચીતારી—જુબાલીની રોશણી ગહની સારી ✻ મો
હોતા મોહોતા ગેરોને—હવેલી ✻ તેપર તાંગીછે જુહુમરો—બી
લોરી ✻ (☞) પાસે વાવતા ઉડેછે શુનેરી—જુબીલીની રો
શની ઘણી શારી ✻ હોતેલ કલબને—દુકાનો શનગારી ✻
ચીણાઇ ફાણસો—હારબનો ભારી ✻ (☞) લોકે પંચની
આફીશની તારીફ કરી—જુબીલીની રોશની ગહની સારી ✻

બીજી તાઈમસની આફીસ—મોહોટી કેહેવાએરે ✻ તાંહાં લાલ લીલા દીવા—ગહના દેખાએ ✻ (☞) જગે જગે ગીઆશના ફાણશ મુકાએ—જુબીલીની રોશની ગહની સારી ✻ શીવીલ ઈજનેરોની—મંડલી કેહેવાએ ✻ તે મંડલીની ઈમારત—વખાણાએ ✻ (☞) વીજલીના દીવામે નામ વનચાએ—જુબીલીની રોશાણી ગહની શારી ✻ પીરીનસ વેલશનું—ઘેહેર મોતુ કેહેવાએ ✻ મારલબરો હાઊશ નામે—ઓરખાએ ✻ ☞ તાંહાંતો રોશાનીની દીપક ગહની થાએ—જુબીલીની રોશાની ગહની શારી ✻ મીશતર હેન કોકશ—નામે છે જહવેરી ✻ તેના ગેહેર પરનો—એકે એક બારી ✻ (☞) તાંગી જુહુમર રૂપાની બનાવી—જુબીલીની રોશાની ગહની શારી ✻ રાએલ એકસ—ચેનજ હાઉસ કેહેવાએ ✻ તેપર તેલ ગલાશતમદેલ—બતી દેખાએ ✻ (☞) લોકથી પચીશ હજાર દીવા ગણાએ—જુબીલીની રોશાના ગહની સારી ✻ બીજા પાહાર ડુંગરે—ઉજાશ દેખાએ ✻ આતશ શલગાવી—બલતા ઘણા જણાએ ✻ (☞) ઊંચ બાણને તોપો ઘણી ફેરાએ—જુબીલીની રોશાના ગહના સારી ✻

ઇશકોલના છોકરાઓને જીઆફત આપી તેનો ગરબો.

એ ગરબાની રાહા—શાંભલરે તું શજણી માહારી—રજણી કાંહાં રમી આવીજી ✻ એ લધને આવું. ટેક છથી ✻

તારીખ બાવીશમી જુન મહીનાની—બુધવારનો દાહા
રો કેહેવાએજી ✳ (☞) હાઈડ પારકમાં જીઆફત આપી—
છોકરાં બાલક જાએ—મેલો ભરાઓજી ✳ ઈશકોલના છોક
રાઓ ચાલીને આવે—તીશ હજાર ગણાએજી ✳ (☞) આ
ઠ આઠ છોકરાની હાર લાંબી કરે—હાઇડ પારકમાં લેઇ જાએ
—મેલો ભહરાઓજી ✳ છોકરાની બાજુએ નંબરો બાંધેઆ
—નામ નીશાનો લખાએજી .✳ (☞) ઠર ઠેકાણા તેના
ઘેરના લખે—કેથે ખોભાઇ નહી જાએ—મેલો ભરાઓજી ✳
વાજાને બોગલ રશતે ગહના વાગે—છોકરાની ચાલી નાહા
લા ફોજજી ✳ (☞) ગીતોને ગાએન રશતે ગાતા ચાલે--
પરે જબરી મોજ—મેલો ભહરાઓજી ✳ માંદવા તાંહાં કઈ
મોટા ૧૦) બાંધેઆ—છોકરાઓને બેશાએજી ✳ (☞) ત
ન હજાર શીપાઇ ફરતાં રાખીઆ—છોકરાની તપાસ થાએ
—મેલો ભહરાઓજી ✳ માંદવામાં ઘણી તેબલ લંબાવી—છો
કરાઓથી જમાએજી ✳ (☞) કાગજનું એક એક પરીકુ
આપે—હોએ મીઠાઇને મેવા—મેલો ભહરાઓજી ✳ એક એ
ક કેક સાથે નારંગી નીકરે—ગોરાનો સમોશો કેહેવાએ
જી ✳ (☞) દુધને લેમલીત જીનજર બીર—મન ગમતાં
પીવાએ— મેલો ભહરાઓજી ✳ માશતરો કઇ મેનીજો કરે—
જોઇતી ચીજ બીજી આપેજી ✳ (☞) અમીર ઉમરાવો
ફરતાં ફરે—ચોકસાઇ સારી રાખે—મેલો ભરાઓજી ✳ દાકતરો
તાંહાં ગહુના રખાએ—માહાવજતં શાઉની લેવાએજી ✳ ☞
વહધુ ખાધાથી પેટમાં કઇ દુખે—દવા દારૂં અપાએ—મેલો

ભહરાઓજી ※ બાલકો શઉ ખાઈ પીને રહેઆ—નાચને રં
ગ દખારેજી ※ (☞) નાટક તમાશા ગહના દખરાવી—મન
ગમે તાંહાં ફરે—મેલો ભહરાઓજી ※ જુબીલી કપના પેઆ
લા વેંહેચે—ઈઆદગારી શઉને અપાએજી ※ (☞) એક
એક ચાન શઉને બેહેતજ આપે—છોકરાઓ ખુશી થાએ—મે
લો ભહરાઓજી ※ માહારાણીની ગારી તાંહાં આવી—માન
મોટું અપાએજી ※ (☞) વાજાના શહરોદ મીઠા વાગે—
છોકરાવો ગીતો ગાએ—મેલો ભહરાઓજી ※ ફલારંશ દન
નામે છોકરી આવી—બાર વરશની કેહેવાએજી ※ (☞)
તે છોકરીને પીરીનશ વેલશ લાવે—રાણી પાશે લેઈ જાએ
મેલો ભહરાઓજી ※ એ છોકરી કંઈ હુશીઆર ગહની—દરે
રોજ ઈશકોલે જાએજી ※ (☞) શાત વરશાવેર ઈશકોલે ગેઈ
—એક દાહારો ઘેર નહી રેહેવાએ—મેલો ભહરાઓજી ※ હે
વી તેની તારીફ સાંભલી—માહારાણી ખુશી ગહની થાએજી
※ (☞) રાણી પોતે તેણે ઈનામ આપે—જુબીલી કપ કે
હેવાએ—મેલો ભરાઓજી ※ એ છોકરીએ ઇનામ લીધું—
વાજાનાં શહરોદ થાએજી ※ (☞) ખોદાએ રાણીનું રખ
શણ કરે—છોકરાઓ ગીતો ગાએ—મેલો ભહરાઓજી ※
એમ હશી ખુશીથી મેલો ભહરાઓ—રાણી ગેહેર હવે જાએજી
※ (☞) ફરી બાલકોને ખાનું આપી—ગેહેરે ગેહેર શઉ
જાએ—મેલો ભહરાઓજી ※

માહારાણીએ દેશી રાજાઓને ખેતાબો આપેઆ તથા માહારાણીને જુબી લીની ભેટ શોગાતો મલ્લી તેનો ગરબો.

એ ગરબાનો રાહ—શદા ફકીરી કેઆ દલગી રી—શદા મહગનમે રેહેનારે—એ લઘને ગાવું. ટેક શાતમી ✻

વીકતોરીઆ રાણીએ દરબાર ભહરી—હીંદી રાજાઓને તરીરે ✻ તારીખ તીશમી—જુન મહીનાની ✻ ઈશવી સને ૧૮)શો---શીતાશીરે ✻ હેવા હેવા વરશમાં—દરબાર ભહરાએ✻ (☞) તે જુબીલીના શાલમાં કેહેવાએરે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહરી—હીંદી રાજાઓને તેરીરે ✻ રાજ રજવારા—ગહના એકતાં થાએ ✻ ખેતાબ તે લોકોને—અપાએરે ✻ માહારાજા કઇ—હોલકર આવે ✻ (☞) તે રાણીની પાશે કઈ જાએરે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહરી-હીંદી રાજાઓન તેરીરે ✻ એ રાજાને કઇ ચાન—ભેહેટ આપે ✻ બીજા નાઇટનો ખેતાબ—મલ્લેરે ✻ હવે કચના રાવશાહેબને—હાજ

ર કરે ✻ (☞)તેહેનબી ખેતાબ અપાએરે—વીકતોરીઆ રા-
ણીએ દરબાર ભહરી—હીંદી રાજાઓને તેરીરે ✻ તે રાજા કઇ
ખુશી ગહનો—થાએ ✻ જેહેને ઘટે તેહેઉ—અપાએરે ✻ હેવી
હેવી રીત—ખેતાબો આપે ✻ (☞) કોઇને ચાનને કોઇને
શાઅર્બારે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહરી—હીંદી રાજા
ઓને તેરીરે ✻ મુંબઈ તરફના—માનપતર આપે ✻ તે કપતાન
મોર લાંડ—કેહેવાએરે ✻ મધરાજ તરફથી—માનપતર લાવે
✻ (☞)તે મીશાતર લાશાંન બોલાએરે—વીકતોરીઆ રાણી
એ દરબાર ભહરી—હીંદી રાજાઓને તેરીરે ✻ માહા રાણાજી
—ખુશી ગહના થાએ ✻ એ બેઉ લોકને ખેતાબ—અપાએરે
✻ શર નાઇટના—ખેતાબો આપે ✻(☞) એ માન મોહોતુ
ગણાએરે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહરી—હીંદી રાજા
ઓને તેરીરે✻ મોહોતા મોહાતા લોકો કઈ—બેહેટ મોકલાવે✻
તે પાહાદશાહી બેહેટો—કેહેવાએરે ✻ કઈ બીજા બીજા: લોકોની
—બેહેટ શોગાદ આવે ✻ (☞) તે જુબીલીના શાલની બોલા
એરે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહરી—હીંદી રાજાઓને
તેરીરે ✻ જરમનનો પાહાદશાહા—ભેટ કઇ મોકલે ✻ શાંગે મ
રમલનો તખતો—કેહેવાએરે ✻ તે રાણીને બેહેટ—અપાએ ✻
(☞) તે કીમતી ગહનો બોલાએરે—વીકતોરીઆ રાણીએ દર
બાર ભહરી—હીંદી રાજાઓને તેરીરે ✻ તે તખતાની ઉપર—
તાજ મુકાએ ✻ તે જરમનનુ—કેહેવાએરે ✻તે હેની બેઉ બાજુ
એ—શાખી કોતશએ ✻ (☞) કેહેવી તરેહવાર નકશી દેખા
એરે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહરી—હીંદી રાજાઓને

તેરીરે ✻ બેલજીઅમના રાજાએ—બેહેટ કઇ મોકલાવી ✻ તે
રૂપાનું કપ—કેહેવાએરે ✻ તે બે ફુત કઈ—ઉંચું દેખાએ
✻ (☞) તે ફુલેવર વાશ વખણાએરે—વીકતોરીઆ રાણીએ
દરબાર ભહુરી—હીંદી રાજાઓને તેરીરે ✻ તેપર લખેલા—
નામો કોટરેલા ✻ તે કપની નકશીઓ—બાહારીરે ✻ દેનમારકનો
રાજા—બેહેટ કઈ મોકલાવે ✻ (☞) તે ચીણાઈ વાશ કેહે
વાએરે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહુરી—હીંદી રાજાઓ
ને તેરીરે ✻ તે વાશ ઊપર— નકશીઓ બાહારી ✻ મેહેલ બ
ગીચા ચીતાર—ચીતારીરે ✻ ગહનો શોહોભામન તે વાશ—એ
દેખાએ ✻ (☞) ગહનો શઉ લોકે તારીફ કરીરે—વીકતોરી
આ રાણીએ દરબાર ભહુરી—હીંદી રાજાઓને તેરીરે ✻ બી
જી હવાઇની રાણી—બેહેટ મોકલાવે ✻ તે નવાઇ શરખીતે—કેહેવા
એરે ✻ ઉરતાં પખશીના—પીછાનો ચઅક ✻ (☞) તે રાણી
ને બેહેટ અપાએરે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહુરી—
હીંદી રાજાઓને તેરીરે ✻ પોરીનશ આફ વેલશ—બેહેટો કઈ
લાવે ✻ તે જુબીલીના શાલની—કેહેવાએરે ✻ આઇલ પેનટીં
ગની—શબી ચીતારેલી ✻ (☞) તેહેનો ચીતાર શારો દેખા
એરે—વીકતોરીઆ રણીએ દરબાર ભહુરી—હીંદી રાજાઓને
તેરીરે ✻ હેવી હેવી રીતે લોકની બેહેટ—શોગાત આવે ✻ તે
તરેહવાર ગહની દેખાએરે ✻ કોઇ મોકલે કબત—કોઇ મોકલે
ખુરશી ✻ (☞) તે પર નકશીઓ શારી ઉનચીરે—વીકતોરી
આ રાણીએ દરબાર ભહુરી—હીંદી રાજાઓને તરીરે ✻ કોઇ
નાચાર બેચાર ગરીબ—વીંચવા બાનું ✻ તે આઇરીશ બાનુ

—કેહેવાએરે ✱ તે બાનુનું મન—કઈ થાએ ✱ (☞)તેબી
રાણીપર ભેહેટ મોકલાવેરે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહ
રી—હીંદી રાજાઓને તેરીરે ✱ તે ગરીબ નાચાર—પાદરી પા
શે જાએ ✱ ગહની આજુજી કરીને—વાત થાએરે ✱ પાદરી
શાહેબ કઈ—જુબીલીમાં જાએ ✱ (☞) તે ગરીબની ભેહેટ
લેઇ જાએરે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહરી—હીંદી રા
જાઓને તેરીરે ✱ તેહેની ગરીબાઇ—પાદરીએ જોઇ ✱ તાહારે
બાઇની અરજ—કબુલ કીધીરે ✱ તે બાનુંથી કઇ ભેહેત અપા
એ ✱ (☞) એક મરગીના બે ઈંદા કેહેવાએરે—વીકતોરીઆ
રાણીએ દરબાર ભહરી—હીંદી રાજાઓને તેરીરે ✱ પાદરીએ
તે બાઈના—હેવાલ લખેઓ ✱ તે ગરીબ બીચારી—વીધવાનેજી
રે ✱ બે ઈંડાં મરઘીના—પાદરી લેઈ જાએ ✱ (☞) માહા
રાણીને જઇને અપાએરે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહ
રી—હીંદી રાજાઓને તેરીરે ✱ રાણીએ ઈંદા કબુલ—તેહેના
કીધા ✱ જોઇ ખુશી ગહાણી—તે થાએરે ✱શાહવારે રાણીએ ઈં
દા—બે કરાવે ✱ (☞) તે નાશતા ઉપર ખવાએરે—વીક
તોરીઆ રાણીએ દરબાર ભહરી—હીંદી રાજાઓને તેરીરે✱
ગરીબ વીધવાની અરજ—કબુલ કીધી ✱ તેહેનો બોલ—રાણી
થી પલાએરે ✱ ગામે ગાંમ લોકો વાત—હેવી શાહમજી ✱
(☞) ઓચંબો ગહનો શઉને થાએરે—વીકતોરીઆ રાણીએ
દરબાર ભહરી—હીંદી રાજાઓને તેરીરે ✱માહારાણી જીમોહો.
તી—દઆલું કેહેવાએ ✱ ધનછે એના માત—પીતાનેરે✱ બો
દાએ તાલા તાહારૂ—રખશાણ કરે ✱ (☞) તાહારૂ રાજ તે

કાએમ રખાએરે—વીકતોરીઆ રાણીએ દરબાર ભહરી—હીંદી રાજાઓને તેરીરે✻છાપગર શોરાબજીએ ગરબો જોરીઓ✻એ જુબીલી—વેલાતની કેહેવાએરે ✻ શર અવશરે—પારશી લોકમાં ✻ (☞) એ જુબીલીનો ગરબો ગવાએરે—વીકતોરી આ રાણીએ દરબાર ભહરી—હીંદી રાજાઓને તેરીરે✻

શમામ.

જાહેર ખબર.

વાચનારી બાઇઓ જે કોઇ હમોને લગનશરામાં તથા બીજા શર અવશારે ગરબા તથા ગીતો ગાવા તેરશો તો હમારી ફીના રૂપીઆ આએ પરમાણે છે તેની વીગત:—આતશનુ. ગીત હમારા માણશ શાથે ગાવાના રૂ૦ ૧૦) પડશે એ આતશનું ગીત બપોરના એક કલાકે માંડીયું હોએ તો રાતના આઠ કલાકે પુરૂ થાએ છે, તે શાથ બીજા બીજા ગરબા તથા ગીતો ગાતા રાતના દશ અગીઆર કલાક થાએ છે. નરશાહી મેહેતાના મોશારાનો ગરબો હમારા માણશ સાથે ગાવાના રૂ૦ ૧૫) પડશે એ ગરબો શાંહાંજના ચાર કલાકે શરૂ કીધો હોય તો રાતના અગીઆર બાર કલાકે પુરો થાય છે. નરશાહી મેહેતાનો આખો ગરબો તેની હુંદી શાથે ગવરાવશો તો હમારા માણશ શાથે રૂ૦ ૨૦) પડશે✻તઆરે પકો નરશાઇ મેહેતાનો

ગરબો કેહેવાએ છે*દાદાર હોરમજનો ગરબો હમારા માણસ શાથે ગવરાવશો તો રૂ૦ ૧૨) પડશે. એ ગરબો ગાવાને પણ રાતના દશ અગીઆર કલાક થાય છે. ગોપીચંદ રાજાનો ગરબો હમારા માણસ શાથે ગાવાના રૂ૦ ૧૦) પડે છે. માહારાણી વીકતોરીઆની જુબીલીનો આખો ગરબો ગવરાવશોતો હમારા માણસ શાથે રૂ૦ ૧૦) ગાવાના પડશે. બીજુ—પાછલીરાત ના શહવેનાના ગીતો ગાવાને માટે તેરેતો ગોએણ શાથે ૬)મા ઓણશના રૂ૦ ૩)પડશે. એ વતરોગે માણુશનો બદો બશત કરવો હોય અથવા ઓછા બઈરા કરવા હોય તો ઓછો ભાવ પડશે માટે હમોને મલીને બંદોબશત કરવો જો કોઈ હમોને એખ લાને તેરશે તો હમારા રૂ૦ ૫) પડશે.

ઠેકાણુ—ખેતવારી અગીઆરી મોહોલામો

લા૦ શોરાબજી હોરમજજી

ચીકન છાપનાર

પારશી સ્ત્રી ગરબા તથા લગનશરામાં ગાવાના ગીતોનો સંગ્રહ.

જેમાં પારશીઓમાં લગનશરામાં શર અવશરે પાછલી તથા આગલી રાતના બેઠા બેઠા ગાવાના શહવેના બધા ગીતો નવજોતના બધા ગીતો, વનતીના બધા ગીતો, તથા પરણતા છોકરા છોકરીને પરણીને વરાવતી વખતે ગાવાના ગીતો, હગંનનીના ગીતો તથા શર અવશરે ગાવાનું આતશનુ મોહોતુ ગીત અને નરશાઈ મેહેતાનો ગરબો, તથા દાદાર હોરમજદનો ગરબો, ગોપીચંદ રાજાનો ગરબો, એ વગેરે ગીત તથા ગર

બા મલીને એમાં ૧૨૫) ગરબા તથા ગીતો છે એના બધા મ
લીને ચારશોથી વધારે શફા થઆ છે. કીમત રૂ૦ ૪) તથા પો
શતેજના ચાર આના વધારે પડે છે એ ચોપડી નીચલે ઠેકા
ણેથી રોકડી કીમતે વેચાતી મલશે

રમુજી નવી ગરબાવલી

જેમાં માહારાણી વીકતોરીઆની હીંદુશતાનમાં થએલ જુબીલીના ૬) ગરબા જુદા જુદા રાગમાં જોરેલા છે, તથા શ ર દીનશાજી માણેકજી પીટીટ નાઇટના શાબાવત અને જન મારાનો ગરબો, નવ જોતના જુદા જુદા ૬) ગીત, શવરાતે શુરજ ઉગગે અને જાહાગીશાહા વર આવી પુગશે તેનું રમુજી ગીત, વહુ આવીરે વહુ ભહલેરે આવી તેનું રમુજી ગીત, એશકી બાનુએ શુધારો કીધો અને નવ જાતના અસોરા વારેચ તેનો રમુજી ગરબો, એશકીબાનુએ પોતાના એશકી ધણી ની તારીફ કીધી અને પરણતાં પરણતાં ઉઠી જાએચ તેનો રમુજી ગરબો, શેઠ નશરવાનજી રતનજી તાતાએ વાંદરામાં નવી અગીઆરી બંધાવી તેનો ગરબો, નામદાર માહારાણી વીકતોરીઆના તરીજા પુતર દાયુક આફ કોનાટની મુબઇમાં થએલો પધરામનાનો ગરબો, કોઇ મોબેદ પોતની બઇરા કુરાઇ ની શાથે વાત ચીત કીધી તેનો રમુજી નવા ગરબો, ગેરા આનો ગરબો. કલકતાના નામદાર વાઇશરાએ લારડ રીપનનો ગરબો જુદા જુદા છ રાગમાં. એમાં બધા મલીને ૨૩) ગરબા છે. કીમત રૂ. ૧) પોશતેજ એક આનો નીચલે ઠેકાણેથી વેચાતી મલશે.

પારશી સ્ત્રી રમુજી નવા ગરબા.

જેમાં ખરા શુધરીઆ તે પારશી જુવાનીઆનો ગરબો, એક પીલાની એકવાશ લડાઈનો ગરબો, વીગરે જુદા જુદા બધા મલીને ૯) ગરબા છે કીમત છ આના. પોશતેજ એક આનો. નીચલે ઠેકાણેથી મલશે.

છાપગર ગરબાવાલી અંકબીજો.

જેમાં શાલુકની દીકરીનું કોઠુ તો જુવો તેનો રમુજી ગરબો, તથા જમશેદ જુવાકનો ગરબો કીમત પાંચ આના પોશતેજ અરધો આનો નીચલે ઠેકાણેથી મલશે

લારડ રીપનના ગરબાની ચોપડી

જેમાં લારડ રીપન હીંનદુશતાનમાં આઓ અને તેને શુ શું કામો કીધા તથા વેલાત જતી વખતે મુંબઈમાં રોશાણી થાઈ તે વગેરેનો જુદા જુદા ૬) રાગમાં જોડેલો ગરબો કીમત તરણ આના. પોશતેજ અરધો આનો નીચલે ઠેકાણેથી મલશે.

કલીઆનીના નવા દખમાનો ગરબો.

જેમાં શેઠ નવરોજી બાલાભાઈએ કલીઆનીમાં નવું દખમું બંધાવેયું તેનો ગરબો, તથા એક મોબેદે પોતાની બઈરી ફુરાઈ સાથે બેશીને વાત ચીત કીધી તેનો રમુજી ગરબી તથા શાહા બબરચીનો ગરબો. કીમત ચાર આના. પોશતેજ અરધો આનો. નીચલે ઠેકાણેથી મલશે.

ઠેકાણુ—મુબઈ ખેતવારી અગીઆરી મોહોલામાં શેરાબજી હોરમજજી ચીકન છાપનારને તાંહાંથી રોકડી કીમતે વેચાતી મલશે. તથા રામવાડી શેઠ શેહેરીઆરજી હોરમજજી મારાતરની દુકાને મલશે. નાટપેડ કાગજ લીધામાં આવશે નહી